# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




કર્યું છે એવું કે ભૂતકાળ કોઇ ખોલસે નહીં!
ભૂલે-ચૂકે ય બે હજાર-બે કોઇ બોલસે નહીં!
ડોલસે નહીં આસન હવે નાની નાની વાતમાં -
થશે દ્દઢ નિર્ણયો, પૂર્વતંત્રથી તોલશે નહીં!

### હાઇકુ

ગુજરાતના
પનોતા લાડકાને
અભિનંદન..

ગુજરાતીઓ,
ગરવી ગુજરાત..
ગૌરવવંતા..

## ચિંતન

**લોભમૂલાનિ પાપાનિ સંકટાનિ તથૈવ ચ । લોભાત્પ્રવર્તતે વૈરં અતિ લોભાત્વિનશ્યતિ ॥**

'લોભ એ પાપ અને બધી જ આપત્તિઓનું કારણ છે, લોભથી દુશ્મનો વધે છે અને લોભથી માનવી અને માનવતાનો નાશ થાય છે.'

માણસને સંતોષ નથી 'નવ્વાણું' રૂપિયા હોય તો સો પૂરા કરવાનો લોભ લાગે છે અને આ લોભ અબજો સુધી માણસને અંધ બનાવી ખેંચી જાય છે આમાં ધનિકો-વેપારીઓ 'માનવતા' 'કર્તવ્ય' - 'ફરજ' પણ ભૂલી જઇ માત્ર 'લોભ ને જ માને આપે છે. આજ જર-જમીન-જોરૂ માટેના લોભથી કાપાકાપી થઇ રહી છે.

લોભને કોઇ જ સંબંધ નથી. કોઇ લાગણી કે વાત્સલ્ય નથી 'ઘર-પરિવારમાં બધાં જ મરો પણ મારી તિજોરી ભરો' આ લોભીનું સૂત્ર હોય છે.

આજે સત્તા માટે ઘર-પરિવાર, મિત્રો-સાથીદારો-પક્ષમાં કંકાસ-કડવાહટ-ઉભા થાય ગુરૂને પછાડી ચેલા ગાદી પર બેસી જાય મિત્રોનાં ખૂન થઇ જાય-સત્તાનો લોભ કયાં-કેવાં પાપ નથી કરાવતો?

લોભથી માનવી અને માનવતાનો નાશ થાય છે.

## સુવિચાર

- આપણા હકની એટલી બધી ખેવના ન કરીએ કે આપણી રીતભાત પણ ભૂલી જઇએ - **માનસસૂત્ર**
- પ્રાર્થના એ દિવસે ચાવી છે તો રાત્રે હૃદયનું તાળું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જો પેટને પૂરતું ખાવાનું મળતું રહે તો દુનિયાના મોટા ભાગના દુઃખ સહન થઇ શકે છે - **ફ્રેન્કલીન**
- જેને માણ્યા પછી પસ્તાવો ન કરવો પડે તેનું નામ 'આનંદ' - **રમેશ ઓઝા**
- સફળતાના શાસ્ત્રનો મહત્ત્વનો સાથી વેદ એટલે 'પ્રસ્વેદ' (પરસેવો) - **કુમારપાળ દેસાઇ**
- કેમ હો જીવનનું ઘડતર જયારે હું શીખ્યો મરીઝ.., વાહ રે કિસ્મત!! ત્યાં તો મૃત્યુનો સમય આવી ગયો - **મરીઝ**
- શબ્દો તાર્કિક હોવા જોઇએ અને મૌન માર્મિક હોવું જોઇએ - **માનસ સૂત્ર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

લુચ્ચા અને લોભી માણસો સમજાવટથી ન સમજે, ગધેડાં ઠફણાંથી સમજે, સાદા-સરળ-ભોળા માણસોનું કપટી પાસે કામ નહીં-એમાં તો જેવા સાથે તેવા જ થવું પડે.

એક લોભી કંજૂસ શેઠ પાસે એક ગરીબ પણ સારો ચિત્રકાર કંઇક કદર થાય અને કિંમત મળે એટલે, ગયો અને કહ્યું શેઠ હું આપનું એક 'તૈલી ચિત્ર' બનાવી આપું? શેઠ કહે - હા બનાવી દે! પણ ચિત્ર તદ્દન અદલ વાસ્તવિક હશે તો 'હું તને પાંચ હજાર દિનાર દઇશ.'

ચિત્રકારે ખૂબ મહેનત-લગનથી ચિત્ર બનાવ્યું-શેઠ પાસે ગયો. 'શેઠે નાક બરાબર નથી હોઠ વધારે જાડા છે.' કહી કાઢી મૂક્યો. કહ્યું ફરીથી બનાવ!

ચિત્રકારે ફરી પરિશ્રમ પૂર્વક ચિત્ર બનાવ્યું. અને ફરી શેઠ પાસે ગયો. શેઠે કહ્યું, ચહેરા પર સ્મિત હોય એ બરાબર છે પણ દાંત દેખાવા ન જોઇએ!

શેઠે બે ચિત્ર રાખી લીધાં પૈસા ન આપ્યા અને ફરી કહ્યું, 'તદ્દન વાસ્તવિક-જેવો હું છું તેવું જ દેખાવું જોઇએ.'

ચિત્રકાર શેઠની દાનત સમજી ગયો. બીરબલ પાસે ગયો, બીરબલ કહે હવે ત્રણ દિવસ પછી ચિત્ર દોર્યા વિના જ મારી પાસે આવજે - હું તારી સાથે આવીશ..

બીરબલ, એક ચિત્ર જેવું બંધ પેકીંગ લઇ ચિત્રકાર સાથે શેઠ પાસે ગયો. શેઠે ખોલ્યું-કહ્યું, 'અરે આ તો દર્પણ છે' શેઠે એ જ વાસ્તવિક છે - આને ૫૦૦૦ દિનાર આપી દો!

શેઠે ચૂપચાપ ઉભા થઇ કહ્યું, તિજોરી ખોલી!

Email - sureshchandrabhatt18@gmail.com

# પ્રવર્તમાન જાહેર જીવન-બાહ્ય જગતના આંતર વિરોધો એ અંતરમાં પહોંચાડેલી ખલેલ, કવિની ચેતનાનો ઝબકાર બને છે ત્યારે...

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આમ તો સાહિત્ય એ સમાજ જીવનનું દર્પણ છે, જયારે દેશમાં કોઇ મોટી કુદરતી, સામાજિક કે રાજકીય ઘટના બને છે ત્યારે તેનો પડઘો સાહિત્યકૃતિઓમાં એક યા બીજા પ્રકારે પડતો જ હોય છે, આઝાદી પૂર્વેનાં ગાળામાં રાષ્ટ્ર ભાવના અને આઝાદીની લડતનાં કાવ્યો ગલીએ ગલીએ ગુંજતા હતા. પરંતુ આઝાદી બાદ દેશમાં જે પરિસ્થિતિઓ ઊભી થઇ, સમસ્યાઓ સર્જાઇ કે ઘટનાઓ બની તેના પડઘા કયાંય એકલદોકલ રૂપે સાહિત્ય કૃતિઓમાં જોવા મળ્યા છે પરંતુ કોઇ એક ઘટનાને લઇ બહોળા ચિંતનને અંતે અને તે પણ કાવ્યમાં મળ્યું હોય તેવું બહુ ઓછું બન્યું છે ત્યારે આપણને એમ લાગે કે શું આવી મોટી ઘટનાઓ પ્રત્યે આપણે સર્જક સંવેદનશૂન્ય બની ગયો છે કે બની રહ્યો છે. જો એવું હોય તો તે સારી બાબત તો નથી જ. પરંતુ આ વિચારણા કરતાં સુધીમાં મારા હાથમાં એક પુસ્તક આવ્યું. જેમાંથી પસાર થતાં એમ લાગે છે કે ના સાવ એવું નથી આપણો સર્જક પણ જાગૃત છે. તેની સંવેદનાને તે તીવ્ર રીતે રજૂ કરી શકે છે.

આજે મારે તમને વાત કરવી છે તે એક કાવ્ય સંગ્રહ છે તેનું શિર્ષક જે એવું છે કે તેમાંથી ઘણી વાત આપમેળે બહાર આવતી હોય તેવું અનુભવાય છે. આપણે આપણા બંધારણમાં ધર્મ નિરપેક્ષ અને બિનસાંપ્રદાયિક લોકતંત્રનો સ્વીકાર કરેલો છે. કારણે કે આ વિશાળ દેશમાં અનેક ધર્મો સંપ્રદાયોની વિવિધતા ધરાવતા લોકો રહે છે. પરંતુ મતના રાજકારણે તેની જે પરિસ્થિતિ ઊભી કરી છે અને મનઘડંત અરથો દ્વારા બિન સાંપ્રદાયિકતાની વાતના લીરેલીરા ઉડાતા આપણા રાજકારણીઓ જે હઇસો... હઇસોની રમત રમી રહ્યો છે. તેની વાતનો ટૂંકમાં પણ વેધક રીતે સાચો ચિતાર આપણને આ કાવ્યોમાં મળે છે.




હઇસો... હઇસો... કાવ્ય સંગ્રહમાં નાની, મોટી થઇને ૭૬ કાવ્ય રચનાઓ આપણને મળે છે. અહીં મુખ્ય વાત છે ૨૦૦૨ની સાલમાં ગુજરાતમાં જે ન બનવાં જેવું બન્યું તેનો સમગ્ર દોષ બહુમતી પ્રજાને માથે ઢોળીને, એ ઉત્પાનનો પ્રારંભ કરનાર હિંસાખોરીને વાજબી ઠરાવવા સુધીનો જે પ્રયાસ થતો રહ્યો તે કોઇ પણ સંવેદનશીલ વ્યક્તિને અકળાવી મુકે તેવો હતો. પ્રસ્તુત સંગ્રહનું કાવ્ય - '૧૯૮૪-૨૦૦૨' (પ્રશ્નોત્તર) આ અંગે સૂચક છે. જેમાં સવાઇ બિન સાંપ્રદાયિકોના તોલમાપ ને ત્રાજવાં કેવાં અન્યાયકારી, આપખુદ અને પક્ષપાત ભરેલાં છે. તેનો ટૂંકો, વેધક અને સાચો ચિતાર મળી રહે છે એમ આપણા જાણીતા કવિ હરિકૃષ્ણ પાઠકે કાવ્ય સંગ્રહની પ્રસ્તાવનામાં 'બાકી તો જેવું જેવું લખત... ' દ્વારા લખ્યું છે. તેઓ આગળ એમ પણ જણાવે છે કે 'સેક્લુલારિઝમ' શબ્દને - તેના અનર્થકારી ઉપયોગથી - એવો તો ગંદો બનાવી દીધો છેકે હવે તો તેને સુંઘવોય ન ગમે, હિન્દુ પ્રજાની ઉદારતાને પરિણામે સૈકાઓ જતાં અને પરસ્પર આદાનપ્રદાનથી આપણી પ્રજાના હાડમાં જે સાચી અને નગદ બિનસાંપ્રદાયિકતા પચી ગયેલી તેને ઉપાડી નાખીને પોતાનું ગોબરું 'સેક્યુલારિઝમ' લાદવાનું જે પાપ આચર્યું છે તે માફ થઇ શકે તેમ નથી.'

આ બધી વાતના સંદર્ભે આપણે કાવ્યને બોલાવી દઇએ તો વધુ મજા આવશે એમ મને લાગે છે તો લ્યો તમારી સમક્ષ થોડાંક મને ગમતાં કાવ્યોની પંક્તિઓ મુકી આપું.'

"લોકો બળતાં ઘરોમાં
બધું ત્યજીને
રાહત શિબિરોમાં આવે છે.
કાશ, ધર્મ અને મજહબ
ત્યજીને આવ્યા હોત!" (બળતાં ઘરોમાં)
તો બીજી આ રચના જૂઓ -
બાબરી નથી પડી
હિંદુ પડી ગયો
ઉપનિષદના શિખરેથી
વર્લ્ડ ટ્રેડ સેન્ટર નહીં
ઇસ્લામનો ગુંબજ
થયો ધરાશાયી (પતન)
અને આજ વાત જરા જૂદી રીતે
શેતાન અંદરને, મારું પથ્થર બહાર
રાવણ અંદરને, બાળું બહાર (શેતાન)

અહીં ઘણાં કાવ્યોની કાવ્ય પંક્તિઓ મુકવાનું મન થાય તેવી છે. પરંતુ લંબાણ ન થાય તે માટે કેટલાંક કાવ્યોમાં શિર્ષકો મુકું છું. જે જોતાં વિષય વસ્તુનો તમને ખ્યાલ આવશે અને કાવ્યસંગ્રહ મેળવીને લાંચવાની ઇચ્છા બળવત્તર બને એવું પણ થાય તો લ્યો આ રહ્યાં એ શિર્ષકો - ટ્રેનનો ડબ્બો જોર લગા કે... બે ગુજરાત, ખબર બસ એટલી..., શહેર બળતું, ૧૯૮૪-૨૦૦૨ પ્રશ્નોત્તર, રાહત શિબિરમાં, હલ્લા બોલ- મુલ્લા બોલ, તપાસ પંચે દોઢસો, કૌરવમાં, પસંદગી, નગ્ન સત્યનું આભૂષણ, સેક્યુલરની શોધમાં, ખોરી દાનત, સાધ્વીને પ્રતિક્ષા, બૌદ્ધિક થવાની ચાવી, ફતવો કયારે? લીલી ટોપી, કરવતો જુની થઇ છે, ગાંધીવાદ, તાણાવાણા વિગેરે... સમાપન 'તાણાવાણાં માં એ સલામત નથી એ ભારતીય મનીષાની શાશ્વતી છે. સદીઓથી અનેક કુપ્રયત્નો છતાં એ ઝીણું પોત અકબંધ છે એમ કવિ ખુદ પોતાની થોડીક વાતમાં આપણને જણાવે છે. કવિ પાસે શબ્દ સિવાય બીજું કયું હથિયાર હોય? ઉચ્ચભ્રૂ સાહિત્યકારો અને કલાધર કવિઓ માટે આ કાવ્ય સંગ્રહ નથી. પ્રવર્તમાન જાહેરજીવન-બાહ્યજીવનના આંતરવિરોધોએ અંતરમાં સતત ખલેલ પહોંચાડી છે. પરિણઆમે જે ઘુંટાયું છે એ કવિતાની ચેતનામાં પ્રગટ થયું છે. કવિના શબ્દનું ગોત્ર કબીર છે અને કબીરત્વ ભાવકને સ્પર્શે છે. પ્રારંભની નિરાશા અનેક આયામોમાં ગતિ કરીને 'તાણા-વાણા' (અંતિમ કાવ્ય)માં સુખાન્ત પામે છે. એમાં સત્વ અને માનવતાનો અભિષેક પામી શકાય છે. ટૂંકા, ટચુકડાં લાઘવ પૂર્ણ કાવ્યોમાં કવિએ કટાક્ષો કર્યા છે. પણ તેમાં ડંખ નથી. વેદના છે. કવિએ કોઇ પણ પ્રકારના પક્ષપાત વગર જેને જે કંઇ કહેવા જેવું લાગ્યું તે કહ્યું જ છે.'

હઇસો... હઇસો... કાવ્ય સંગ્રહ કવિએ પૂ.મ. ગાંધીને અર્પણ કર્યો છે કાવ્યના વિષયને અનુરૂપ નિરવ ઉદાસીનું ગ્રાફિક વર્ક વાચકને પુસ્તક તરફ આકર્ષે તેવું બન્યું છે.

અનુસંધાન પાના નં.૬ પર

# મારા અનુભવે મને સમજાયું છે કે બાળપણની ઘટનાઓ કેટલી જબ્બર રીતે આખી જિંદગી આપણને રોકે છે તેમ જ બચપણમાં અનુભવેલ સ્નેહ, પ્રેમ, મમતા અને વાત્સલ્ય આપણને કેટલાં ભર્યાં ભર્યાં રાખે છે

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

(ગતાંકથી આગળ...)

આઠ વર્ષ પછી અમારે ખેતરમાં એકલા રહેવાનું થયું. આસપાસ કોઇ રમનારું હતું જ નહિ. હું નિશાળમાં પણ રમતો નહિ ત્યારે બધાં મને રમવાનો આગ્રહ કરતા. તું રમતો નથી, તારે રમવું જોઇએ, રમવાથી તારું શરીર સારું થશે તેવું ભારપૂર્વક કહેતા. આ પ્રકારની સલાહો છેવટે એ જ વસ્તુ પર ભારત મૂકતી કે હું રમતો નથી. પરિણામે ન રમવાની મારી વૃત્તિ દૃઢ થતી.

નવમાં ધોરણના મેદાન પર ખેંચી ગયો. મેં રમવાની શરૂઆતમાં કરી મારી રમતનાં મેદાન પર ખેંચી ગયો. મેં રમવાની શરૂઆત કરી મારી રમતનાં તે વખાણ કરતો પરિણામે હું કબ્બડી રમતો થયો. આ જ રીતે તે મને ક્રિકેટ રમવા ખેંચી ગયો. આપણી સ્વછબી કોઇ ને કોઇ રીતે આપણી આસપાસના લોકો સુધી પહોંચી જતી હોય છે. મારી સ્વછબી શરીરે નબળાં હોવાથી હતી. પહેલી વાર ક્રિકેટ રમવા ગયો ત્યારે મને અગિયારનાં નંબરે બેટીંગ આપવામાં આવ્યું. નજીકની જ ફિલ્ડીંગ ગોઠવવામાં આવી. હૂં ચૂકી જાઉં અને આઉટ થઇ જાઉં તે માટે ખૂબ જ ધીમો દડો નાખ્યો. મેં બેટ હલાવ્યું. દડો બેટ સાથે ટકરાયો. પંદર ફૂટથી બહાર કોઇ ફિલ્ડીંગ ન હોવાથી દડો બાઉન્ડ્રી પાર કરી ગયો. રમવામાં મારો આત્મવિશ્વાસ પાછો જામ્યો. વર્ષો સુધી હું મન ભરી ક્રિકેટ રમ્યો.

બચપણમાં ઊભી થયેલી સ્વછબી સહેલાઇથી ભૂંસાતી નથી. રમતો અને સ્પર્ધાનું ક્ષેત્ર મારા માટે એવું જ રહ્યું. તાલીમ દરમિયાન મસુરીમાં ક્રોસ રનમાં પણ મેં પહેલેથી જ નક્કી કરી રાખ્યું હતું કે આમાં આપણું કામ નહિ. છતાં પણ હું ૨૮મા ક્રમે આવતાં રૂપકુંડના અઘરા ટ્રેકીંગ માટે મારી પસંદગી થઇ. તે પછી હૈદરાબાદમાં પણ પ્રથમ ક્રોસ કન્ટ્રી રન વખતે પણ આમાં આપણું કામ નહિં ના સ્વસંવાદ સાથે શરૂઆત કરી અને મારા સ્કવોડમાં હું પ્રથમ આવ્યો ત્યરે સાથીઓ અચંબામાં પડી ગયા. "યે તો હિરન કી તરફ દોડતા થા" પણ હિરણને કયાં ખબર હતી કે તે હિરણ છે ? મારી મારા વિશેની છાપ તો બચપણમાં જ નક્કી થઇ ગઇ હતી. અસંખ્ય સફળતાઓ પછી પણ આજે નવું કામ કરતાં એક વાર તો વિચાર આવી જાય છે, આ મારાથી થશે?

અલબત્ત બચપણ વિશે જાગૃત થયા પછી ફાયદો એ થયો છે કે આ વિચારો મને અટકાવી શકતા નથી એવો વિચાર આવે કે તરત જ હું સાવધ થઇ જાઉં છું. કે આ તો ભૂતકાળ છે. આજે હું જે ઇચ્છુ એ કરી શકું છું.

હું કયારે શરમાળ થયો તેની મને ખબર નથી પણ મને યાદ છે ત્યારેથી લોકો મને શરમાળ તરીકે ઓળખતાં. ઘરમાં લોકો મારી શરમ દૂર થાય તે માટે પ્રયત્ન કરતા. ઘરે કોઇ મહેમાન આવે ત્યારે પિતાજી તેને આવકાર આપવાનું તેમની હાજરીમાં જ મને કહેતા. ઘણા પ્રયત્ને હું તેમને આવો કહેતો. પણ અંદરથી શરમથી સંકોચાઇ જતો, ઘણું અઘુરું પડતું. લાખ પ્રયત્નો છતાં ઘણા વર્ષો સુધી મારી શરમ ન ગઇ. અગિયારમાં ધોરણમાં પહેલી વાર મને એમ થયું કે શરમનાં કારણે તો હું ગાંડામાં કુટાઇ જાઉં છું. સ્વપ્રયત્ને મેં શરમ છોડી. આજે પણ તેનાથી સાવ મુક્ત છું તેમ ન કહી શકાય.

મારી દીકરી મારા જેવી જ શરમાળ હતી પણ સ્વાનુભવને કારણે અમે જુદો રસ્તો અપનાવ્યો. તેની શરમનો ઉલ્લેખ કર્યા વિના શરમના કોચલામાંથી બહાર નીકળી જે કંઇ કર્યું હોય તેની પરોક્ષ નોંધ લેવાનું રાખ્યું છે. પરિણામે તે ઝડપથી શરમમાંથી બહાર નીકળી રહી છે.

મારા માતા શિક્ષિકા હતા. તેઓએ મને સતત શીખતા રહેવાનું શીખવ્યું. તેમની પાસેથી મને શિક્ષકત્વ મળ્યું. તેમની પાસેથી સ્પષ્ટ વક્તાપણું મને વારસામાં મળ્યું.

પિતાજીએ મને સેવા, શ્રમ અને પ્રમાણિકતા આપ્યાં. પ્રણાણિકતાની માર્ગે ચાલતાં એમણે આકરી કસોટીમાંથી ગુજરવું પડયું. લાંચ ન આપવાની નેમને કારણે અમારી જમીન ખાલસા થવાની નોબત આવી. પણ તેઓએ તેમનો માર્ગ ન છોડ્યો.

મારે ડોકટર થવું હતું. પિતાજીની ઇચ્છા પણ હું ડોકટર થાઉં એવી હતી બારમાની પરીક્ષામાં મારે એક પેપર ખરાબ ગયું હતું. મારા બાઇ કયાંકથી ખબર લાવ્યા કે પચ્ચીસ હજાર રૂપિયા આપીએ તો મેડીકલમાં એડમીશનની ગેરંટી. ત્યારે પિતાએ કહ્યું, "ડોકટર થવા માટે આપણે જે રીતે જીવતા હોઇએ તે ન બદલાય" પોલીસ અધિકારી તરીકેની કારકિર્દીના પ્રથમ ત્રણ વર્ષમાં બે વાર મારી પ્રામાણિકતા સામે પડકાર આવ્યો ત્યારે બંને વાર અંદરથી અવાજ આવ્યો, પડકાર તો આવી ને જતો રહેશે. આવે વખતે આપણે જે રીતે જીવતા હોઇએ તે પદ્ધતિ ન બદલાય.'

ઘણી વાર કસોટીના સમયે આપણે જીવતા હોય તે પદ્ધતિ ના બદલાય તેઓ અવાજ અંદરતી આવતો આવું કેમ થતું તેની ઘણાં વર્ષો સુધી ખબર ન હતી. યુવા શિબિરમાં એક યુવાને પુછેલા પ્રશ્નોનો જવાબ આપતી વખતે ખબર પડી કે આ તો બારમાં ધોરણમાં બનેલી ઘટનાનું પરિણામ છે.

પિતાજીનો સેવાભાવ ગજબનો હતો. રોડ દસ કિ.મી. ચાલીને દવાખાને જાય આવે. ચોમાસામાં રસ્તાઓ બંદ થઇ જાય ત્યારે દર્દીને ગાડામાં લાવી ન શકાય ત્યારે સાંજે દવાખાનું બંધ કરી ૧૫-૨૦ કિ.મી. ચાલીને બીજે ગામ જાય, વહેલી સવારે પાછા આવે બીજા દિવસે દવાખાનું રોજીદા સમયે જ ખૂલે. પોલીસ અધિકારી તરીકે ઘણાં વર્ષો સુધી ટેલિફોનની પહેલી ઘંટડી હું રાત્રે જાગીને યુનિફોર્મ પહેરી નીકળી પડ્યો છું તે મને પિતાજી પાસેથી મળ્યું છે.

ઇંટની ઘટના પછી કયારેય તેમને મને ઠપકો આપવાની જરૂર ઊભી થઇ નથી. એક જ વાર તેમને મારું ધ્યાન દોરેલું, આપણે વિવેક ચૂકી જઇએ તે કેમ ચાલે વિવેક મારા વ્યક્તિત્વનું ઘરેણું છે.

મારા અનુભવે મને સમજાયું છે કે બાળપણની ઘટનાઓ કેટલી જબ્બર રીતે આખી જિંદગી આપણને રોકે છે તેમ જ બચપણમાં અનુભવેલ સ્નેહ, પ્રેમ, મમતા અને વાત્સલ્ય આપણને કેટલાં ભર્યા ભર્યા રાખે છે.

તમારું બાળપણ શું કહે છે?

તમારાં બાળકોને કેવું બચપણ આપવા ઇચ્છો છો?

(સમાપ્ત)

# જાનવરને વેચી હું ખુદાનો ગુનેગાર બન્યો છું મારી આંખમાં આંસુ આવ્યા તેની આંખ તો ડાબલા હતા પણ કદાચ એ પણ રડતો હશે, મેં તુરત નક્કી કર્યું, માગ્યા દામે ગાડી ખરીદી લીધી, બીબીને વાત કરી તો કહે, તમે નેક કામ કર્યું

## પ્રેમભાવ

- અનંત. ન.વ્યાસ

માનવીને માનવી પ્રત્યે પ્રેમ હોય એ તો સ્વાભાવિક છે પરંતુ કેટલાક લોકોને પોતાના પાળતું જનાવર પ્રત્યે પણ એવી માયા બંધાય કે કમાણીને લાત મારીને, વાત-ડાહ્યા માણસોની સલાહો અવગણીને, પોતાના પાલતું જાનવર સાથે રહેવાનું પસંદ કરે, સામાન્યતઃ બિલાડી, કુંતરા તથા અન્ય પાલતું પ્રાણીઓ કુટુંબના સભ્યો જેવો જ દરજ્જો ભોગવતાં હોય છે. થોડાનો પણ તેમાં સમાવેશ કરી શકાય, પણ આ કોઇ રાજવંશી ઘોડેસવારની વાત નથી. એક સામાન્ય ઘોડાગાડી વાળાની વાત છે. તેનું નામ ઇસ્માઇલ. ભુજનો ગાડીવાન.

ભુજથી બદલી થયા પછી થોડા વર્ષે મારી ત્યાં જવાનું થયું. બસ-સ્ટેન્ડ પર ઊતર્યો ત્યાં સાદ સંભળાયો. 'ચાલો સાહેબ ઘોડાગાડીમાં આવવું હોય તો... અવાજ જાણીતો લાગ્યો, જોયું તો ઇસ્લામઇલ...'અરે ઇસ્માઇલ! કેમ છો? મારાથી પુછાઇ ગયું... ઇસ્માઇલે સામે જોયું. ઓળખાણ પડતાં કહે - અહો, ભાઇ તમે છો... ઘણાં વખતે ફરવા આવ્યા... આમ કહીં મારી બેગ ગાડીમાં મુકી.'

ઇસ્માઇલ મારો જાણીતો ગાડી વાળો, તેની ગાડી તથા ઘોડો બંને સારા એટલે જરૂર પડે તેને જ બોલાવીએ. અમારી વચ્ચે સ્નેહની સાંકળ રચાયેલી. રીક્ષાનો યુગ આવતાં ઇસ્માઇલે પણ ગાડી વેચી રીક્ષા લીધેલી તેની મને ખબર તેથી પુછ્યું, 'ઇસ્માઇલ તેં તો ગાડી વેચી રીક્ષા લીધેલીને? કેમ રીક્ષા ન ફાવી...'

'ઇ તો મશીન - તેમાં વળી શું ન ફાવે...

તો પછી રીક્ષાની કમાણી છોડી આ ઘોડાની માવજત તથા ગાડીની પળોજળ કેમ વળગાડી...?'

ઇસ્માઇલ કહે, 'સાહેબ - અમે તો વંશ પરંપરાના સાઇસ... એટલે ઘોડાની માનવજત અમને પળોજણ ન લાગે... હા. રીક્ષામાં કમાણી ઝાઝી. તો સાથે ખર્ચા પણ ઝાઝા, ગાડી વેચી ત્યારથી મનમાં ડંખ રહી ગયેલો. ગાડી તો તેં સારે ઠેકાણે વેચી હતી ને?'

હા... ગાડી અંજાર... વેચેલી. હમણાં થોડા સમય પહેલાં અંજાર ગયેલો. બસ-સ્ટેન્ડ પર ગાડી જોઇ. જાનવર જોઇ હાથ ફેરવવાનું મન થઇ ગયું. હું નજીક ગયો. ગમે તેમ પણ ઘોડો મને ઓળખી ગયો. મેં તેના શરીર પર હાથ ફેરવ્યો... તેને બુચકાર્યો. તેના શરીરમાં અજબ પ્રકારની ધ્રુજારી આવી ગઇ. મને થયું આ જાનવર પણ લાગણી સમજે છે. મારા પ્રેમનો એ ભૂખ્યો છે. આમ તો તેના માલિકને ત્યાં ઘાસચારાની તંત્રી નથી કામ પણ એટલું જ નથી. છતાં મને ઘોડો નીસ્તેજ લાગ્યો. રોજ રાત્રે હું તેના શરીર પર હાથ ફેરવતો એ તેને ત્યાં ન મળતું.

ઘોડાએ ધીમી હાવળ નાખી મને થયું. આવા પ્રેમી જાનવરને વેચી હું ખુદાનો ગુનેગાર બન્યો છું મારી આંખમાં આંસુ આવ્યા તેની આંખ તો ડાબલા હતા પણ કદાચ એ પણ રડતો હશે. મેં તુરત નક્કી કર્યું. માગ્યા દામે ગાડી ખરીદી લીધી. બીબીને વાત કરી તો કહે, તમે નેક કામ કર્યું. બસ રીક્ષા વેચી નાખી. આ જીવતા જનાવર પર હાથ ફેરવું છું. ખુદા પૂરતું આપી રહે છે.